# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: TUESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.**

---

- ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં વિજયી થયેલા ધારાસભ્યોએ પદ અને ગોપનિયતાના શપથ લીધા
- લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી જીતેલા ગેનીબહેન ઠાકોર, 13 જૂનના રોજ....વાવ વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપશે
- અમદાવાદમાં નવા શૈક્ષણિક સત્ર પહેલા સ્કૂલ વાનના ભાડામાં મહિને 200, તો રિક્ષાભાડામાં 100નો વધારો
- રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ, આગામી સાત દિવસોમાં ઘણાં ખરાં ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી
- રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા 102 કલ્સટરના તાલિમાર્થીઓએ મેળવી તાલીમ

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## SHAPATH

ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી 2024માં ચૂંટાયેલા ધારાસભ્યોએ આજે વિધાનસભામાં શપથ ગ્રહણ કર્યા હતા. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ પાંચેય

ધારાસભ્યોને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રી મડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અને નવ નિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

વિધાનસભા અધ્યક્ષના કાર્યાલયમાં યોજાયેલ શપથવિધિ સમારોહમાં વિજાપુરથી ચૂંટાયેલા ધારાસભ્ય ડૉ. સી.જે.ચાવડા, પોરબંદર બેઠકથી અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી, ખંભાતમાંથી ચિરાગ પટેલ અને વાઘોડિયા વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદના શપથ ગ્રહણ કર્યા હતા.

## GANIBEN RESIGN

બનાસકાંઠાની વાવ બેઠક પર કૉંગ્રેસના ધારાસભ્ય ગેનીબહેન ઠાકોર 13 જૂનના રોજ, ધારાસભ્ય પદેથી રાજીનામું આપશે. ગેનીબહેન બનાસકાંઠા લોકસભા બેઠક પર છ લાખ, 71 હજાર, 883 મતોથી વિજયી થયા હતા. તેઓ લોકસભા ચૂંટણીમાં ગુજરાત કૉંગ્રેસ તરફથી ચૂંટાયેલા એક માત્ર સાંસદ છે. તેમની જીત સાથે દસ વર્ષો બાદ ગુજરાતમાં લોકસભામાં કૉંગ્રેસને પ્રતિનિધિત્વની તક મળી છે.

## AHMEDABAD VAHAN BHADU

રાજકોટ અગ્નિકાંડ બાદ તમામ જિલ્લાઓમાં ઇમારતો સહિત વાહનોમા પણ સલામતીના પગલાને લઈને નિયમો કડક બન્યા છે. જેને જોતા આરટીઓમાં વધતા ખર્ચને કારણે અમદાવાદ સ્કૂલ વર્ધી અસોસિએશને સ્કૂલ વાહનોના ભાડામાં વધારો કર્યો છે. જે અનુસાર સ્કૂલ વાનમાં એક કિલોમીટર દીઠ 200 રૂપિયા અને સ્કૂલ રિક્ષામાં કિલોમીટર દીઠ 100 રૂપિયા ભાડું વધારવાનો નિર્ણય કરાયો છે. છેલ્લે 2021માં ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો. 13 જૂનથી નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ રહી છે, આ નવા સત્રથી વાલીઓએ આ ભાવ વધારો આપવાનો રહેશે.

## IMD GUJARAT

ગુજરાતમાં ભારે ગરમી બાદ રાહતના સમાચાર છે. છેલ્લા બે દિવસથી રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલની સ્થિતિ છે. દરમિયાન હવામાન વિભાગે આગામી સાત દિવસોમાં રાજ્યના ઘણાં ખરાં ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, મહિસાગર, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદ પડ઼ી શકે છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે ઝાપટાં પડી શકે છે. ગઈકાલથી રાજ્યના સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. આજે રાજ્યમાં મહત્તમ તાપમાન કંડલામાં 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## RAIN OVER ALL

ગઈકાલથી રાજ્યના અનેક ભાગોમાં વરસાદી માહોલ સર્જાયો છે. આજે મહેસાણા જિલ્લાના કડાણા તાલુકાના ડિટવાસ, સરસવા, ગોધર ઉત્તર, સહિત પુનાવાડા બોર્ડર વિસ્તારમાં ધોધમાર ખેતી લાયક વરસાદ વરસ્યો હતો. કડાણા તાલુકાના મીરાપુરા ગામે ભારે પવન અને ગાજવીજ સાથે વરસેલા વરસાદમાં એક મકાન પાસે વીજળી પડી હતી. જ્યાં બાંધેલ બે પશુઓના મોત નિપજ્યા છે.

આ તરફ ઉત્તર ગુજરાતના મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં પણ વરસાદ પડ્યો હતો. મહેસાણાના કડીમાં મોડી રાત્રે વરસાદ પડતા ગરમીની થોડી રાહત મળી હતી. તો અરવલ્લી જિલ્લામાં પણ પવન અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. શામળાજી, રતનપુર બોર્ડર, અણસોલ સહિતનાં ગામડાઓમાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો. જ્યારે મેઘરજ તાલુકાના કસાણા નવાગામ આસપાસ તોફાની વરસાદ જોવા મળ્યો હતો.

## Rain Warning

સાબરકાંઠા જિલ્લામાં સિંચાઇ વિભાગ દ્વારા ચોમાસા દરમિયાન હરણાવ જળાશય યોજના નજીકના ગામો માટે સાવચેતી રાખવા જણાવાયું છે. હરણાવ જળાશય યોજનામાં અંદાજે 332 મીટર સુધી પાણી ભરાવાની શકયતા હોવાથી અને ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદીની આસપાસ આવેલા ગામોમાં પુર આવવાની શક્યતાને પગલે ગ્રામજનોને કાંઠા વિસ્તારોથી દૂર રહેવાની સુચના આપવામાં આવી છે.

## GODHRA TALIM

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે હેતુથી રાજ્યપાલશ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીની ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશના ભાગ રૂપે ગોધરા ખાતે એક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લાના 102 ક્લસ્ટરના મુખ્ય તાલીમાર્થીઓ તાલીમ મેળવી હતી. આગામી સમયમાં આ તાલીમાર્થીઓ ગ્રામ પંચાયત અને ગ્રામ્ય સ્તરે જઈને ખેડૂતોને આ વિશે સમજ આપશે. તાલિમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિ ખેતીનું મહત્વ, ઉપયોગી સામગ્રી, પ્રાયોગિક મહિતી અને સમજણ આપાવમાં આવી હતી.

તાલીમ દરમિયાન ઘન જીવામૃત, બીજામૃત તેમજ વિવિધ રોગનાશક અસ્ત્રોનું નિદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

## ORGENIC FARMING

પંચમહાલ જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળો પ્રતિસાદ મળ્યો છે. ગોધરા તાલુકાના નદીસર ગામના ખેડૂત  પ્રવીણભાઈ માછી એ ત્રણ વર્ષ અગાઉ રસાયણિક ખેતીને છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવી છે. પ્રવીણભાઈનું કહેવું છે કે અગાઉ ચીલા ચાલુ ખેતીમાં મોંઘા રાસાયણિક ખાતર અને દવાઓનો ઉપયોગ કરીને પણ સારું ઉત્પાદન નહોતું, આથી તેમણે ખેત પદ્ધતીમાં ફેરફાર કર્યો. તેઓ ધાન્ય પાકો સાથે શાકભાજીનું પણ વાવેતર કરે છે.

પંચમહાલ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસારના ભાગરુપે ખેડૂતો સુધી માહિતી પહોંચાડવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી. પાકની વૃદ્ધિ માટે ખેત સામગ્રી બહારથી ન લેતાં, પ્રાકૃતિક સામગ્રી દ્વારા જ જાતે ખેડૂત પોતે તે બનાવી શકે છે.

## World Junior Chess Championship

રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીએ આજે ગિફ્ટ સીટી ગાંધીનગર ખાતે આયોજિત વિશ્વ જુનિયર ચેસ સ્પર્ધા-2024ની મુલાકાત લીધી. તેમણે ભારત સહિત 46 દેશોના 230 ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. શ્રી સંઘવીએ કહ્યું કે, રાજ્ય દેશ-દુનિયામાં રમાતી રમતોનું આયોજન કરવામાં અગ્રેસર રહ્યુ છે. તેમણે કહ્યું કે,

ગુજરાતના વિચારો-સંસ્કૃતિ દેશ દુનિયા સુધી પહોચાડવાનું આ ઉતમ માધ્યમ છે. મંત્રીશ્રીએ ભારતીય ખેલાડી સુશ્રી દિવ્યાને અભિનંદન પાઠવીને ભવિષ્યમાં ભારત માટે અનેક મેડલો જીતશે તેવી આશા પણ વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ઓલ ઇન્ડિયા ચેસ ફેડરેશન (AICF) અને ફેડરેશન ઇન્ટરનેશનલ ડેસ ઇચેક્સ (FIDE)ની આગેવાની હેઠળ ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન (GSCA) દ્વારા ગાંધીનગર ગિફ્ટ સિટી ક્લબ ખાતે આ પ્રતિષ્ઠિત વિશ્વ જુનિયર ચેસ સ્પર્ધા-2024 યોજાઈ રહી છે.

## UPSC _RAJKOT

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા 16 જૂન, રવિવારના રોજ યુ.પી.એસ.સી. સિવીલ સર્વીસીસની પ્રિલિમીનરી પરીક્ષા, રાજકોટ જિલ્લાના ૧૨ કેન્દ્રો ખાતે યોજાશે. આ અંગે જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ ખાતે પરીક્ષાના દિવસ દરમિયાન કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. વધુ માહિતી માટે ૦૨૮૧- ૨૪૭૬૮૯૧ પર સંપર્ક કરી શકાશે.

પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોનો પ્રવેશ ૩૦ મિનીટ પહેલા બંધ કરવામાં આવશે. ઉમેદવારએ ઈ-એડમીટ કાર્ડ સાથે પ્રવેશ મળશે. વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોન, અન્ય આઇ.ટી, કે ઇલેક્ટ્રોનિક્સ ગેજેટસ, સ્માર્ટ/ડિજીટલ વોચ, બુક્સ, બેગ્સ, કોઇ કિંમતી વસ્તુઓ કેન્દ્ર પર લઈ જઈ શકાશે નહીં. ઉમેદવાર પરીક્ષા કેન્દ્રની અંદર ફક્ત ઇ-એડમીટ કાર્ડ, પેન, પેન્સીલ, ઓળખપત્ર અને પોતાના ફોટોગ્રાફ તેમજ ઇ-એડમીટ કાર્ડમાં જણાવેલ વસ્તુઓ જ લઇ જઇ શકે છે.

## GANDHINAGAR YOGA DAY

૨૧મી જૂન વિશ્વ યોગ દિવસ સંદર્ભે ગાંધીનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ કલેક્ટર મેહુલ દવેના વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે. આ સંદર્ભે જિલ્લા પંચાયત ગાંધીનગર ખાતે જિલ્લા વિકાસ અધિકારી સંજય મોદીના અધ્યક્ષ સ્થાને એક બેઠક

યોજાઈ હતી. બેઠકમાં વિવિધ હેરિટેજ સાઇટ તથા જાણીતા સ્થળઓએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવા અંગે ચર્ચા - વિચારણા કરવામાં આવી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી સંજય મોદીએ કહ્યું કે વિશ્વ યોગ દિવસની ઉજવણી માત્ર ઉજવણી ન બની રહે, પરંતુ યોગ જીવન શૈલીનો ભાગ બને એ માટે લોકો આ કાર્યક્રમાં જોડાય અને ઘર ઘર યોગની મહત્તા પહોંચે તેવો હેતુ છે.